ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૨૮.૪ ડીગ્રી
લઘુતમ : ૯.૬ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૫૨ ટકા

ગાંધીનગર તાપમાન

# સિવિલમાં બાયોમેડીકલ વેસ્ટના રી-યુઝ પ્લાન્ટની મશીનરી આવી પહોંચી

ગાંધીનગર, તા.૨૫

સરકારી હોસ્પિટલમાં કેન્દ્ર સરકાર દ્વારા બાયોમેડીકલ વેસ્ટનો રી-યુઝ થઈ શકે તેવા પ્લાન્ટ કાર્યરત કરવામાં આવનાર છે. જેને પગલે રાજયના ચાર જિલ્લાની હોસ્પિટલ કેન્દ્ર સરકાર દ્વારા નિયત કરાઈ છે. જેમાં ગાંધીનગર સિવિલનો પણ સમાવેશ કરાયો છે. સિવિલમાં રીસાયકલીંગના પ્લાન્ટ બનાવવા માટે થોડા સમય પહેલા જીપીસીબીની ટીમે મુલાકાત લીધી હતી. ટીમે પ્લાન્ટ માટે એનીમલ હાઉસની જગ્યા પર પસંદગી ઉતારી હતી. ત્યારે આજે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં બાયોમેડીકલ વેસ્ટનો રી-યુઝ થઈ શકે તે માટેની મશીનરી આવી પહોંચી છે. જે ફીટ કરી ગણતરીના દિવસોમાં આ પ્લાન્ટ તૈયાર કરી દેવામાં આવશે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં બાયો મેડીકલ વેસ્ટના યોગ્ય નિકાલ થતો ન હોવાની વાતને લઈ વારંવાર કિસ્સા પ્રકાશમાં આવતા હતા.જેને પગલે જીપીસીબી દ્વારા સિવિલને નોટીસ પણ આપવામાં આવી હતી. પરંતુ હવે આ બાયો મેડીકલ વેસ્ટનો રિસાયકલ કરવાની દિશામાં રાજય સરકાર દ્વારા વિચારણા કરાઈ હતી. જેના માટે કેમ્પસમાં જ રીસાયકલીંગનો પ્લાન્ટ ઉભો કરાશે. કેન્દ્ર સરકાર દ્વારા હોસ્પિટલમાં જ બાયો મેડીકલ વેસ્ટ ને રી-સાયકલીંગ કરવાનો નિર્ણય લેવાયો હતો. જેને પગલે સિવિલ કેમ્પસમાં પ્લાન્ટ ઉભો કરવા ટીમે મુલાકાત લીધી હતી.ટીમે એનીમલ હાઉસની જગ્યા પર પસંદગી ઉતારી હતી. હોસ્પિટલમાં દર્દીઓની સારવાર માટે ઉપયોગમાં લેવામાં આવતી પ્લાસ્ટીકની બોટલ, નીડલ, સીરીંજ, જેવી ચીજવસ્તુઓને કેમીકલથી ધોઈ તેને અન્ય જગ્યાએ ઉપયોગમાં લઈ શકાય તેવી પ્લાસ્ટીકની નવી ચીજવસ્તુઓ પ્લાન્ટમાં બનાવવામાં આવશે. ત્યારે આજે સવારે સિવિલ હોસ્પિટલમાં આ પ્લાન્ટ માટેની આધુનિક મશીનરી આવી પહોંચી છે. જેને ટુંક સમયમાં યોગ્ય સ્થાને ફીટ કરી બાયો મેડીકલ વેસ્ટના રી-યુઝના પ્લાન્ટનો શુભારંભ કરવામાં આવશે.





## ચાણક્ય કિડ્સ સ્કુલ ખાતે ક્રિસમસ ડે ની ઉજવણી કરાઈ

દીક્ષા એજ્યુકેશન સંચાલિત ચાણકય કિડ્સ સ્કુલ સે-૨ સી ખાતે ક્રિસમસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાળકો સુંદર પોષાકમાં સજ્જ જોવા મળ્યા હતા. જયારે શાળામાં તા.૨૬ થી ૧ જાન્યુઆરી દરમિયાન વિન્ટર કેમ્પનું આયોજન કરાયું છે. જેમાં બાળકોને યોગા, મનોરંજન માટે વિવિધ રમતો, મ્યુઝીક-ડાન્સ અને ઉજ્જવળ ભવિષ્ય માટે અક્ષર સુધારણાનો કાર્યક્રમ યોજાશે.



# જિલ્લામાં ૬ પીઆઈ અને ૭ પીએસઆઈની આંતરિક બદલીઓ

## લોકલ ક્રાઈમ બ્રાંચમાં નિરજ પટેલ અને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપમાં જે.જી.વાઘેલા મુકાયા

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષકે ગઈકાલે સાંજે જિલ્લાના ૧૩ પી.આઈ -પી.એસ.આઈ.ની આંતરીક બદલીઓના આદેશ કર્યા હતા. ૬ પીઆઈ અને ૭ પીએસઆઈની આંતરિક બદલીઓ કરવામાં આવી છે. જિલ્લામાં ક્રાઈમ પ્રિવેન્શન અને ડિટેકશન માટે મહત્વની ગણાતી બે જગ્યાઓ પૈકી લોકલ ક્રાઈમ બ્રાંચ (એલ.સી.બી)માં સિનિ.પીઆઈ તરીકે એન.આર.પટેલ (નિરજ પટેલ)ને જયારે સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ (એસ.ઓ.જી)માં પીઆઈ તરીકે જે.જી.વાઘેલાને મૂકવામાં આવ્યા છે.

જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડાએ ગઈકાલે મોડી સાંજે કરેલા બદલીઓના ઓર્ડરમાં ૬ પીઆઈ અને ૭ પીએસઆઈનો સમાવેશ થાય છે. શહેરના સેકટર-૭ પોલીસ મથકમાં સેકન્ડ પીઆઈ તરીકે ફરજ બજાવતા જે.ડી.મેવાડાને સે-૭માં જ સિનિ. પીઆઈ તરીકે મૂકવામાં આવ્યા છે. તે ઉપરાંત ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં સિનિયર પીઆઈ તરીકે ફરજ બજાવતા કે.કે.દેસાઈને સે-૭ પોલીસ સ્ટેશનમાં સેકન્ડ પીઆઈ તરીકે મૂકવામાં આવ્યા છે. ગાંધીનગર કંટ્રોલરૂમમાં ફરજ બજાવતા પીઆઈ જે.બી.પંડિતને ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં સિનિ.પીઆઈ તરીકે મૂકવામાં આવ્યા છે. જ્યારે કલોલ તાલુકા પીઆઈ એન.આર.પટેલને એલસીબી અને અડાલજ પીઆઈ જે.જી વાઘેલાને એસ.ઓ.જી માં મૂકવામાં આવ્યા છે. તો બીજી તરફ ઈન્ફોસિટી પોલીસ મથકમાં સેકન્ડ પીઆઈ તરીકે ફરજ બજાવતા પીઆઈ વી.એ.ડાભીને કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં મૂકવામાં આવ્યા છે. ઉપરોક્ત ૬ પીઆઈ ઉપરાંત ૭ પી.એસ આઈ ની પણ બદલીઓ કરવામાં આવી છે. જેમાં ચિલોડા પોલીસ મથકમાં ફરજ બજાવતા પી.એસ.આઈ પી.બી. રમલાવતને ઈન્ફોસિટી પોલીસ મથકમાં, સાંતેજ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પી.એસ.આઈ એલ એચ મસાણીને ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં, લીવ રીઝર્વ-કંટ્રોલરૂમમાં ફરજ બજાવતા પી.એસ.આઈ ડી.એમ.સાધુને ચિલોડા પોલીસ સ્ટેશનમાં, સેકટર-૭ પોલીસ સ્ટેશનમાંથી પીએસઆઈ વી.એમ. દેસાઈને ચિલોડા પોલીસ સ્ટેશનમાં, ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાંથી પી એસ આઈ એસ.બી.પઢેરિયાને અડાલજ પોલીસ સ્ટેશનમાં, સેક્ટર-૨૧ માંથી પી.એસ.આઈ પી.ડી.વાઘેલાને અડાલજ પોલીસ સ્ટેશનમાં અને ઈન્ફોસિટીમાં ફરજ બજાવતા મહિલા પીએસઆઈ એમ.આર.પટેલને લીવ રીઝર્વ-કંટ્રોલરૂમમાં બદલી કરવામાં આવી છે. અડાલજ પીઆઈ જે.જી વાઘેલા ની બદલી એસ.ઓ.જી મા થતા અડાલજ પોલીસ સ્ટેશનના પીઆઈનો ચાર્જ પીએસઆઈ એસ.બી.પઢેરીયાને અને કંટ્રોલ રૂમનો ચાર્જ એમ.આર.પટેલને સોંપવામાં આવ્યો છે.

# એકોર્ડ ગાડીમાં ક્રાઈમ એન્ડ કરપ્શન કંટ્રોલના પાટીયા મારીને ફરતો શખ્સ પીધેલો પકડાયો

## સે-૨૮ના બગીચા પાસેથી એલસીબીની ટીમે આ શખ્સને પકડીને ગાડીમાં સર્ચ કરી : ગાડીમાંથી દારૂની બોટલ અને ખંજર તથા આઈ કાર્ડ મળ્યું

ગાંધીનગર, તા.૨૫

પાટનગરમાં પોલીસ અને પ્રેસ ઉપરાંત એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ તથા પોલિટિકલ હોદ્દાઓના પાટિયા મારીને પ્રજા પર રોફ જમાવવાનો પ્રયત્ન કરતા અનેક કારચાલકો જોવા મળે છે. આવા જ એક શખ્સને ગાંધીનગર એલસીબીની ટીમે શહેરના સેક્ટર-૨૮ના બગીચાની સામે થી દારૂ પીધેલી હાલતમાં પકડી પાડયો હતો. ક્રાઈમ એન્ડ કરપ્શન કંટ્રોલના પાટીયા એકોર્ડ ગાડીમાં મારીને ફરતા આ શખ્સ ને કારમાં જ સર્ચ કરતાં એલસીબીની ટીમ ને અંદરથી એક ખંજર તથા આઈકાર્ડ ઉપરાંત દારૂની એક બોટલ પણ મળી આવી હતી. એલસીબીની ટીમે તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને ગુનો દાખલ કર્યો છે.

ગાંધીનગર એલસીબી પીઆઈ તરલ ભટ્ટની સુચનાથી પી.એસ.આઈ એચ કે સોલંકીની ટીમના હેડ કોન્સ્ટેબલ દિલીપ સિંહ તથા કોન્સ્ટેબલ જીગ્નેશકુમાર પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન સેક્ટર-૨૮ માઈક્રો શોપિંગ સેન્ટર ખાતે એકોર્ડ ગાડી લઈને આવેલા એક શખ્સ ઉપર નજર પડી હતી. એકોર્ડ ગાડી લઈને આવેલો ગાડી ચાલક ત્યાં બકવાટ કરી રહ્યો હતો. એલસીબીને તેના પર શંકા જતા તેની પાસે જઈ તપાસ કરી તો તે દારુ પીધેલી હાલતમાં હોવાનું જાણવા મળ્યું હતું. તેની એકોર્ડ ગાડીમાં સર્ચ કરતા તેમાંથી એક દારૂની બોટલ તથા કપડાના કવર માં મૂકેલુ એક ખંજર અને ક્રાઈમ એન્ડ કરપ્શન કંટ્રોલ એસોસીએશન, ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયાના નામનું ફોટા વાળું આઈ કાર્ડ પણ મળી આવ્યું હતું. એલસીબીની ટીમે ઉપરોક્ત તમામ મુદ્દામાલ કબજે લઈ મૂળ નંદાસણ ખાતેની મદ્રેસાની પાછળ રહેતા અને હાલ સેક્ટર-૨૯ ખાતે પ્લોટ નંબર ૬૪૯/૨માં રહેતા શખ્સ આસિફ મહેબૂબખાન પઠાણની ધરપકડ કરીને તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તને કોર્ડ ગાડીના આગળના ભાગે કાચમાં એક લેમિનેશન કરાવેલુ બોર્ડ પણ મળી આવ્યું હતું જેમાં ક્રાઈમ એન્ડ કરપ્શન કંટ્રોલ એસોસિએશન રજીસ્ટર નંબર-૭૧૧ તથા 'say no to crime, say no to croruption' લખેલું પાટીયુ પણ લગાવેલું હતું. એલસીબીની ટીમે આ પાટિયા પણ કબજે લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.






## શબરીમાલા મંદિરની આચાર સંહિતાના રક્ષણ માટે આજે અય્યપ્પા જયોતિનું આયોજન

ગાંધીનગર, તા.૨૫

કેરળના સુપ્રસિધ્ધ મંદિર શબરીમાલામાં આચાર સંહિતનું રક્ષણ અને પાલન થાય તે હેતુથી ભારતભરમાં ભગવાન અય્યપ્પાના ભકતો દ્વારા 'અય્યપ્પા' જયોતિનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત ગાંધીનગરમાં વસતા મલિયાલી સમાજ દ્વારા પણ તા. ૨૬મી ડિસેમ્બર બુધવારે સવારે ૬.૩૦ કલાકે ચ રોડ પર સેકટર-૧ના ગાયત્રી મંદિર બહારના ભાગે 'અય્યપ્પા જયોતિ' યોજાશે.

ભારતભરમાં વસતા ભગવાન અય્યપ્પાના ભકતો દ્વારા શબરીમાલા મંદિરમાં પરંપરાગત રૂઢિ રિવાજો તથા આચારસંહિતાનું રક્ષણ થાય તે હેતુસર 'અય્યપ્પા જયોતિ'નું આયોજન કરી રહ્યા છે. ગુજરાતમાં પણ ગાંધીનગર, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ સહિત ૨૫ જેટલા શહેરોમાં 'અય્યપ્પા જયોતિ' કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમ અંતર્ગત કેરળના શબરીમાલા મંદિરમાં વર્ષોથી ચાલી આવતી હિન્દુ પરંપરાના રક્ષણ માટે પોતાનો અવાજ રજૂ કરવા મલિયાલી સમાજના ભકતો અય્યપ્પા જયોતિ લઈને ઉભા રહેશે.



**માનસિક શકિત પ્રોગ્રામ :** ગાંધીનગર સ્થિત સેકટર-૨૩ બ્રહ્માણી હોલ ખાતે યુવાવર્ગમાં માઈન્ડ પાવર કાર્યક્રમ મોટીવેશનલ, યોગ નિષ્ણાંત વી.કેર ફાઉન્ડેશનના ચેરમેન જે.સી. પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સંસ્થાના કેમ્પસ ડાયરેકટર સોમાભાઈ સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સે-૭-બી ખાતે નાતાલ નિમિત્તે ઊંધીયુ-રોટલાનો પ્રોગ્રામ યોજાયો







ગાંધીનગર, તા.૨૫

સેકટર-૭-બીમાં ૧૧૨થી ૧૧૫ જેટલી બહેનો દ્વારા એક મંડળની રચના કરવામાં આવેલ છે. ૧૫ વર્ષથી આ બહેનો દ્વારા વર્ષમાં બે થી ત્રણ પ્રવાસ, સમાજીક પ્રવૃત્તિ, ધાર્મિક પ્રવાસ, સારા-ખરાબ પ્રસંગોએ ભજન કરવા જવું, અંબાજી જતા યાત્રિકોને લીંબુ પાણી આપવું વગેરે જેવા અલગ અવગ કાર્યક્રમો યોજવામાં આવે છે. જે અંતર્ગત નાતાલ પર્વ નિમત્તે ઊંધીયું-રોટલાનો પ્રોગ્રામ ૬/૭ના બસસ્ટેન્ડની પાછળ યોજવામાં આવ્યો હતો. જેમાં બધાએ ઉત્સાહભેર ભાગ લઈ આનંદ કર્યો હતો. આગામી જાન્યુઆરી ૨૦૧૯માં ડાકોર/પોઈચાનો પ્રવાસ રાખવામાં આવેલ છે.

## ગજાનન સેવા સમિતિ દ્વારા ગોળ અને ચોખાનું વિતરણ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરની સેવાકીય સંસ્થા ગજાનન સેવા સમિતિ દ્વારા ગતરોજ ભિલોડા તાલુકાના ગોઢ ગામે ૭૫ નિરાધાર વડીલોને સદ્રેશ્વર મહાદેવ મંદિર પાસે ૪૦ અને ભેટાલી ચાર રસ્તા પાસે ૧૫ લાભાર્થીને ૩ કિ.ગ્રા. ચોખા અને ૧ કિલો ગોળ આપવામાં આવ્યો હતો. જયારે ૧૧ ગામોથી વડીલો આવ્યા હતા અને તેઓને કારેલા તેમજ દુધીનું બિયારણ પણ આપ્યું હતું. આ સાથે મેઘરજ તાલુકાની વાલ્મીકી આશ્રમ શાળા ઈસરી અને ભેટાલી બક્ષીપંચની આશ્રમ શાળામાં તમામ બાળકોને સ્વેટર, નોટ, ચોપડા,પેન, પેન્સિલનું વિતરણ કર્યુ હતું. આશ્રમ શાળામાં ૧૦ કિલો ઘઉંનો લોટ આપ્યો હતો.આ સેવાકીય પ્રવૃતિમાં ડો.પ્રવિણ બોઘાણી, મિલિંદભાઈ ગુપ્તે અને યોગેશ તેમજ ભીમજીભાઈ હતા.

# અડાલજ સ્થિત પુરોહિત હોટલના માલિકના ઘરેથી દારૂ-બિયરનો જથ્થો ઝડપાયો

## થર્ટી ફર્સ્ટમાં વેપલો કરવા માટે દારૂ- બિયરની પેટીઓ ઘરે ઉતારી હતી અડાલજ પોલીસે દરોડો પાડીને પોણા બે લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર નજીક આવેલા અડાલજ ગામની સીમમાં સ્થિત પુરોહિત હોટલના માલિકનાં ઘરે અડાલજ પોલીસની ટીમે બાતમીના આધારે દરોડો પાડી દારૂ-બિયરનો મસમોટો જથ્થો પકડી પાડયો છે. થર્ટી ફર્સ્ટની પાર્ટીઓ માટે દારૂ બિયરનો વેપલો કરવા આ હોટલ માલિકે પેટીઓ પોતાના ઘરે ઉતારી હોવાનું ખુલ્યું છે. અડાલજ પોલીસે તેના ઘરેથી પોણા બે લાખની કિંમતનો દારૂ બિયરનો જથ્થો જપ્ત કરી હોટલ માલિકની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આટલો મોટો જથ્થો ક્યાંથી લાવ્યો હતો અને કયારથી આ ધંધો ચલાવવામાં આવી રહ્યો છે તે સહિતની ઊંડી પૂછપરછ અડાલજ પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી છે.

અડાલજ પીઆઈ જે.જી.વાઘેલાની સૂચનાથી તેમની ટીમ થર્ટી ફસ્ટને પગલે દારૂ-બિયરની હેરફેર અને વેચાણ કરતા તત્વો પર ખાસ વોચ રાખી રહી છે. આજે તેમની ટીમના પી.એસ.આઈ કે.જી ગોસ્વામી તથા એ.એસ.આઈ નરેન્દ્રકુમાર, હેડ કોન્સ્ટેબલ કેવલસિંહ, પ્રકાશભાઈ, ધવલસિંહ અને કોન્સ્ટેબલ વિષ્ણુભાઈ, મનીષસિંહ, ભરતસિંહ તથા લોકરક્ષક તેજેન્દ્રસિંહ સહિતની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન કોન્સ્ટેબલ ભરતસિંહને બાતમી મળી હતી કે અડાલજ ગામની સીમમાં બાલાપીર સર્કલ થી અંબાપુર તરફ જતા રોડ પર આવેલી પુરોહિત હોટલના માલિક અમૃતસિંહ માંગીલાલ પુરોહિત દારૂ-બિયરનો વેપલો કરે છે. મૂળ રાજસ્થાનના પાલી જિલ્લામાં આવેલા બારવા ગામના અને હાલ અડાલજ ખાતે આવેલી પાર્શ્વનાથ રોયલ રેસિડન્સીમાં રહેતા હોટલ માલિક અમૃતસિંહે હાલ પોતાના ઘરે દારૂ-બિયરનો મોટો જથ્થો સંતાડીને રાખ્યો છે. આ બાતમીના આધારે અડાલજ પોલીસની ટીમે હોટલ માલિક ના ઘરે દરોડો પાડ્યો હતો અને ઘરમાં સંતાડેલી અલગ અલગ બ્રાન્ડની ૨૮૩ નંગ વિદેશી દારૂની બોટલનો જથ્થો તથા ૨૪ નંગ બીયરના ટીન મળી કુલ રૂ.૧,૭૯,૮૨૮ની કિંમતનો દારૂ બિયરનો જથ્થો જપ્ત કરી દારૂનો ધંધો કરી રહેલા હોટલ માલિક અમૃત સિંહની ધરપકડ કરી લીધી છે અને તેની સામે કાયદેસરની કાર્યવાહી કરીને ઉંડી તપાસ પણ હાથ ધરવામાં આવી છે.



# દિકરીઓએ કાંધ આપીને પૌત્રીએ મુખાગ્નિ આપ્યો

## રાંધેજાના મફતલાલ પટેલનું અવસાન થતા અનોખી પ્રેરણારૂપ મિસાલના દર્શન થયા





ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર પાસેના રાંધેજા ખાતે ગઈ કાલે એક ઐતિહાસિક કહી શકાય તેવી ઘટના બની હતી. રાંધેજાના ૮૩ વર્ષીય મફતલાલ પટેલનું અવસાન થતાં તેમની પાલખીને દિકરીઓએ કાંધ આપી હતી જયારે તેમની પૌત્રીએ અગ્નિદાહ આપ્યો હતો. આ પહેલ સાથે પરિવારે એક પ્રેરણાદાયક મિસાલ પ્રસ્તુત કરી છે.

રાંધેજાના ૮૩ વર્ષીય મફતલાલ પ્રહલાદભાઈ પટેલનું તા. ૨૪મી ડિસેમ્બર સોમવારે અવસાન થયું હતું. સામાન્ય રીતે આપણા સમાજમાં કોઈ પણ વ્યકિતની નનામીને માત્ર પુરુષો જ કાંધ આપે અને મહિલાઓ સ્મશાનમાં પણ આવે નહીં તેવો રિવાજ પ્રવર્તે છે. જો કે સ્વ. મફતલાલના અવસાન સાથે કદાચ રાંધેજાના ઈતિહાસમાં પ્રથમવાર એવું બન્યું કે પરિવારની દિકરીઓએ સદગતની નનામીને કાંધ આપી ઘરેથી પ્રસ્થાન કરાવ્યું હોય. સ્વ. મફતલાલની નનામીને પરિવારની દિકરીઓએ કાંધ આપી ઘરેથી પ્રસ્થાન તો કરાવ્યું પરંતુ સ્મશાનમાં પણ જયાં પુત્ર કે પૌત્ર મુખાગ્નિ આપે તે રિવાજ છોડીને સદગતની પૌત્રી જીનલ કમલેશભાઈ પટેલે પોતાના વ્હાલા દાદાના નશ્વરદેહને અગ્નિદાહ આપ્યો હતો. આ પ્રસંગે સમાજના અને ગામના સ્વજનોએ સાથ આપી દિકરીની પહેલને આવકારી હતી જે કદાચ પ્રેરણારૂપ મિસાલ સાબિત થશે.

## ચિરવિદાય

- સ્વ. સવિતાબેન આશારામ દવે, ઉ.વ. ૯૦
- સ્વ. જગતસિંહ લક્ષ્મણસિંહ વાઘેલા, ઉ.વ. ૪૮